# હાંસોટનાં મહે.મુખ્ય સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.હાંસોટ

રે.દિ.મું. નં. : ૪૦ / ૨૦૧૪

**વાદી :–** ખલીફમીયા ઉર્ફે અબ્દુલખાલીક મીયા મોહંમદ અલી ઉર્ફે મહંમદ અકબર વિગેરે

**વિ રૂ દ્ધ**

**પ્રતિવાદી :–** મહંમદ હનીફ મુસ્તુફા મલેક ના વારસો વિગેરે

**–: આંક–૧૨૩ ની અરજી તળે હુકમ :–**

(૧) વાદીએ હાલની અરજી વાદી નંબર–૨ ની ઉલટતપાસ નામદાર કોર્ટનાં યોગ્ય સતા ધરાવતા કોર્ટ કમીશ્નર રૂબરૂ નોંધવા અરજી આપેલી છે.

(૨) વાદીની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે વાદી નંબર–૨ નાંએ આંક–૧૨૦ થી વાદી નંબર–૨ ની સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે અને વાદી નંબર–૨ ની ઉલટતપાસ માટે કામ મુલતવી રહેલું. ત્યારબાદ વાદી નંબર–૨ નાં ઘુંટણનાં ટીસ્યુ બ્રેક થવાથી અને જોઈન્ટ રીપ્લેશ કરવાની ટ્રીટમેન્ટ ચાલતી હોવાથી અને કમરનાં ભાગે અસર થયેલી હોવાથી ચાલવાની તથા બેસવાની મનાઈ હોય વાદી નંબર–૨ નામદાર કોર્ટમાં ઉલટતપાસ માટે હાજર રહી શકે તેમ ન હોય વાદી નંબર–૨ ની ઉલટતપાસ વાદી નંબર–૨ નાં આંક–૧૨૦ માં જણાવેલ સરનામે લેવા અરજી આપેલી છે. વાદીએ સદર અરજી જોડે આંક–૧૨૪ થી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદી નંબર–૨ થી ૭ નાં એડવોકેટશ્રીએ સદર અરજી ઉપર તેમનો શેરો કરેલ

છે અને તેમનાં શેરામાં અરજી રદ કરવા અને પ્રતિવાદીને આવવા જવાનાં ખર્ચની રકમ વાદી પાસેથી અપાવવા માટે જણાવેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી નંબર–૨ થી ૭ તરફે વાદીની આંક–૧૨૩ ની અરજી વિરૂધ્ધ લેખીત જવાબ આંક–૧૨૫ થી રજુ કરી તેમનાં લેખીત જવાબમાં મહદઅંશે વાદીની અરજીનો ઈન્કાર કરેલો છે અને વાદીએ રજુ કરેલા મેડીકલ રીપોર્ટ/પ્રિસ્ક્રીપશન ખાનગી ડોકટરનાં હોય ચાલી શકતા ન હોવાની રજુઆત કરેલી છે. તેમજ વાદી નંબર–૨ નાં મેડીકલ રીપોર્ટ/ પ્રિસ્ક્રીપશન સુરતની સરકારી હોસ્પિટલનાં ખાશ ઓર્થોપેડીક (એમ.ડી.) ડોકટરશ્રીનાં મેડીકલ રીપોર્ટ/પ્રિસ્કીપશન રજુ કરાવવા માટે જણાવેલ છે.

(૫) આ કામે વાદી તરફે તેમનાં વિ.વ.શ્રી એમ.એસ.કાનુંગોએ મૌખિક દલીલ કરતાં જણાવેલ છે કે વાદી નંબર–૨ ની સોગંદ ઉપરની સરતપાસ તારીખ–૦૬/૦૪/૨૦૨૩ નાં રોજ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ અવરનવર મુદતો આપવામાં આવેલી છે. તે દરમ્યાન વાદી નંબર–૨ નાં ઘુંટણનાં ટીસ્યુ તથા બેક પેઈન ની સમસ્યા થયેલી છે અને તેઓની ટ્રીટમેન્ટ સુરત મુકામે ચાલે છે જે અંગેનાં પુરાવા રજુ કરેલાં છે. જેથી વાદીની અરજી મંજુર કરવા જણાવેલ છે. તેમજ કોર્ટ કમીશ્નરશ્રીની ફી ચુકવવા તૈયાર હોવાની રજુઆત કરેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી તરફે તેમનાં વિ.વ.શ્રી એલ.આઈ.મહેતા મૌખિક દલીલ કરતાં જણાવે છે કે વાદી તરફે રજુ કરેલ રીપોર્ટ હાલનો રીપોર્ટ નથી પરંતુ જુનો રીપોર્ટ છે. તેમજ વાદી નંબર–૨ સુરતનાં ઓર્થોપેડીક ( એમ.એસ. ) ડોકટરનું સર્ટીફીકેટ રજુ કરે તો સાચી હકીકત બહાર આવે તેમ જણાવેલ છે અને કોર્ટ કમીશ્નરશ્રી ની નિમણુંક કરવા સામે વાંધો હોવાનું જણાવેલ છે.

(૭) આ કામે બંને પક્ષકારોની મૌખિક દલીલ સાંભળી તથા વાદી નંબર–૨ તરફે રજુ કરેલ અરજી તથા

પ્રતિવાદી તરફે રજુ થયેલ જવાબ વંચાણે લીધાં. તેમજ વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધાં. આ કામે વાદી નંબર–ર તરફે આંક–૧૨૦ થી જે સરતપાસ રજુ કરેલ તેનાં સંદર્ભે વાદી નંબર–ર ની કોર્ટ કમીશ્નરશ્રી મારફતે ઉલટતપાસ કરવા અરજ ગુજારેલ છે. આ કામે વાદી નંબર–ર તરફે હાલની અરજીના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને વાંચનમાં લેતાં વાદી નંબર–ર નાંઓ ઘુંટણની બિમારીથી પીડાતા હોવાનું જણાય આવે છે. વધુમાં સીવીલ પ્રોસીજર કોડમાં સને ૨૦૦૨ ની સાલમાં થયેલ સુધારા મુજબ સી.પી.સી ઓર્ડર–૧૮, રૂલ–૪(૨) ની જોગવાઈ કમીશ્નર મારફતે ઉલટતપાસ કરાવવા માટે છે. તેમજ સીવીલ પ્રોસીજર કોડનાં ઓર્ડર રૂલ–૨૬, રૂલ–૧ તથા ૨ મુજબ પણ કોર્ટ કમીશ્નર મારફતે સાહેદની ઉલટતપાસ કરાવી શકાય તેમ છે. એ રીતે વાદીની અરજીમાં જણાવેલ હકીકત તથા વાદી તરફે આંક–૧૨૪ નાં લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને વાંચનમાં લેતાં વાદીની રજુઆત માનવા પાત્ર ઠરે છે. જેથી વાદી નંબર–ર ની ઉલટતપાસ કોર્ટ કમીશ્નર મારફતે લેવાથી ન્યાયનું નેમ પણ જળવાઈ તેમ છે. તેમજ હાલની અરજી મંજુર કરવાથી પ્રતિવાદીને કોઈ જ નુકશાન પણ થાય તેમ નથી. વાસ્તે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે..

## – : <u>હુકમ</u> :–

૧. વાદીની હાલની આંક–૧૨૩ ની અરજી **મંજુર** કરવામાં આવે છે.

૨. વાદી નં.૨ હસીનાબાનુ તે મુસ્તાકઅલી ગુલામઅલી ની વિધવા નાઓની કોર્ટ કમીશ્નર મારફતે ઉલટતપાસ કરાવવા માટે કોર્ટ કમીશ્નર તરીકે અત્રેની કોર્ટનાં નાઝરશ્રી શ્રી ટી.ટી.ગોવર્ધન ની નિમણુંક કરવામાં આવે છે.

૩. વાદીએ કોર્ટ કમીશ્નરશ્રીનાં મહેનતાણાં પેટે રૂા.૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા)ની રકમ હુકમ તારીખથી દિન–૭ માં નામદાર કોર્ટમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

૪. વાદી ધ્વારા કોર્ટ કમીશ્નરશ્રીનાં મહેનતાણાં પેટેની રકમ જમા કરેથી કમીશનપત્ર કાઢવા હુકમ કરવામાં આવે છે.

પ. કોર્ટ કમીશ્નરશ્રીએ કમીશનપત્ર મળેથી વાદી નંબર–૨ તથા વાદી એડવોકેટશ્રી તથા પ્રતિવાદી એડવોકેટશ્રીને વાદી નંબર–૨ ની ઉલટતપાસ કરવા માટે તારીખની જાણ કરવાની રહેશે અને કોર્ટ કમીશ્નરશ્રીએ કમીશન પત્ર મળ્યેથી દિન–૧૫ માં કમીશનની કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે.

હુકમ આજ તારીખ: ૧૮ મી, માહે: સપ્ટેમ્બર, સને: ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ: હાંસોટ
તા.૧૮/૦૯/૨૦૨૪

**(ફ્રેડી એફ.બારડોલીવાલા)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
હાંસોટ
**Code No. GJ01286**